નવી સેવા વર્ષ ૨૦૧૭-૧૮ વહીવટી મંજુરી

માતૃત્વ સહયોગ યોજનાનુ રાજ્યના તમામ જિલ્લાઓમાં વિસ્તૃતિકરણ

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૭/૪૮/બ

સચિવાલય, ગાંધીનગર

તા. ૦૭-૦૪-૨૦૧૭

સંદર્ભ:-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૦૧/૦૨/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃ યોજના-૫/આઇસીડીએસ/એમએસવાય/ન્યુ આઇટમ તમામ જિલ્લા/૨૦૧૭-૧૮/ ૩૪૩૨-૩૩/ ૨૦૧૭

ઠરાવ:-

સંદર્ભ (૧) અન્વયે માતૃત્વ સહયોગ યોજનાનુ રાજ્યના તમામ જિલ્લાઓમાં વિસ્તૃતિકરણ કરવા માટે વર્ષ ૨૦૧૭-૧૮માં નવી બાબત તરીકે દરખાસ્ત રજુ કરેલ હતી.

માતૃત્વ સહયોગ યોજના સને ૨૦૧૧-૧૨ થી રાજ્ય માં ભરૂચ ને પાટણ જીલ્લામાં ૬૦:૪૦ ના રેશીયાથી અમલમાં છે. વર્ષ ૨૦૧૫-૧૬ માં રાજ્યના ૨૪ વિકાસશીલ તાલુકામાં આ યોજના રાજ્ય ના બજેટથી અમલમાં છે. ભારત સરકાર તરફથી સુચના અનુસાર દેશના તમામ જીલ્લાઓમાં તા.૧/૨/૨૦૧૭ થી માતૃત્વ સહયોગ યોજનાનું રાજ્યના તમામ જિલ્લાઓમાં વિસ્તૃતિકરણ માટે વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં નવી બાબત તરીકે ૬૦:૪૦ ના રેશીયા થી અમલમાં મુકવામાં આવેલ છે. જે માટે કેન્દ્રના હિસ્સા પેટે રૂ.૨૨૬,૫૦,૬૧,૦૦૦/- (રુપિયા બસો છવીસ કરોડ પચાસ લાખ એકસઠ હજાર પુરા) તથા રાજ્ય હિસ્સા પેટે રૂ.૧૫૧,૦૦,૪૦,૦૦૦/- (રુપિયા એકસો એકાવન કરોડ ચાલીસ હજાર પુરા) એમ કુલ રૂ.૩૭૭,૫૧,૦૧,૦૦૦/ - (રુપિયા ત્રણસો સિત્તોત્તર કરોડ એકાવન લાખ એક હજાર પુરા) ની બજેટ જોગવાઈમાંથી નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્ર: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) રાજ્યના જે ૨૪ વિકાસશીલ તાલુકાઓમાં આ યોજના રાજ્ય સરકારના ૧૦૦% હિસ્સાથી અમલમાં છે તે રદ કરીને ૬૦:૪૦ ના રેશીયાથી આ યોજના અંતર્ગત આવરી લેવાના રહેશે.

(૧૧) આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની જનની સુરક્ષા યોજના અને કસ્તુરબા પોષણ સહાય યોજના બેવડાય નહી તેની કાળજી લેવાની રહેશે.

(૧૨) ભારત સરકાર ની ગાઇડ લાઇન મુજબ યોજનાનો અમલ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નં: ૧૦૬

મુખ્ય સદર: ૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર: ૦૨ પોષણ, ખાદ્ય અને પીણાની વહેચણી

ગૌણ સદર: ૮૦૦ અન્ય ખર્ચ

પેટા સદર: ૧૫-એનટીઆર ૧૫ ઇન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના **(IGMSY)**

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) નાણા વિભાગની તા.૬/૪/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ARChristian

(અંકિતા ક્રિશ્ચિયન)

ઉપ સચિવ

મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી,મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ,સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ર્ડા.જીવરાજ મહેતાભવન,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ.